RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 274, Dt.6-2-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરિકાથી પરત મોકલાયેલા ભારતીયો સાથે અમાનવીય વ્યવહાર

## સંસદમાં ધમાલઃ મહિલા અને બાળકો સહિત તમામના હાથ અને પગમાં બેડીઓ પહેરાવી, ચહેરા ઢાકી કેદીઓ જેવો વ્યવહાર કરાયોઃ વિપક્ષોએ સરકારને ભીડવી : અમેરિકા સામે આકરો વિરોધ નોંધાવવા માંગ : બંને ગૃહોમાં જબરી ધમાલ બાદ બપોર સુધી મુલત્વી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાથી ડીપોર્ટ કરાયેલા ભારતીયોને જે રીતે સ્વદેશ પરત મોકલાયા તે મુદ્દે હવે સંસદ અને સંસદ બહાર જબરી સમરાંગણ સર્જાઇ ગયું છે અને વિપક્ષોએ કોઇ અપરાધીઓ કે ત્રાસવાદીઓની માફક ભારતીયોને હાથ-પગમાં બેડીઓ નાખીને લશ્કરી વિમાનમાં મોકલવાની અમેરિકાની નીતિ સામે આકરા પ્રહારો કર્યા હતા.

ભારત સરકારને આ મુદ્દે તાત્કાલીક અમેરિકા સામે વિરોધ નોંધાવવા માંગણી કરી હતી. ગઈકાલે અમૃતસર વિમાની મથકે ૧૦૮ ભારતીયોને લાવતું અમેરિકી હવાઈ દળનું ખાસ ગ્લોબ માસ્ટર વિમાન આવી પહોંચ્યું હતું તે સમયે સર્જાયેલા દ્રશ્યોથી સૌ સ્તબ્ધ થઇ ગયા.



વિમાનમાંથી ઉતરેલા ભારતીયોની હાલત કોઇ કેદી જેવી હતી બાળકો અને મહિલાઓ સહિત તમામના હાથ અને પગમાં બેડીઓ પહેરાવામાં આવી હતી. જેથી તેઓ યોગ્ય રીતે ચાલી પણ શક્તા ન હતા. લગભગ ૧૨ કલાકથી વધુની મુસાફરીમાં તેઓને આ પ્રકારે સુવિધા વગરના લશ્કરી વિમાનમાં બેસાડવામાં આવી હતી.

વિપક્ષે આ મુદ્દે આજે સંસદના બન્ને ગૃહોમાં સરકાર સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને ધમાલ મચાવી હતી. વિમાનને શા માટે દિલ્હીના બદલે અમૃતસર ઉતારાયું તે અંગે પણ વિપક્ષોએ પ્રશ્ન પૂછ્યા હતા.

સરકાર તરફથી જો કે આ અંગે વિદેશ મંત્રી નિવેદન કરશે તેવી જાહેરાત થઇ હતી. પરંતુ વિપક્ષોને સંતોષ થયો ન હતો અને બંને ગૃહોમાં ધમાલ બાદ બપોરે બે વાગ્યા સુધી સંસદ મુલત્વી રાખ્યું.

અમેરિકાથી ડીપોર્ટ કરાયેલા ભારતીયો સાથેનું અમેરિકી હવાઈ દળના વિમાનને દિલ્હીના બદલે શા માટે અમૃતસર લેન્ડ કરવાની મંજુરી અપાઇ તે મુદ્દે પણ પંજાબમાં શિખ સંગઠનોએ પ્રશ્ન ઉઠાવ્યા છે અને શિખ સમુદાયને શરમજનક સ્થિતિમાં મુકવા માટે કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા.

ડીપોર્ટમાં પંજાબ સાથે અન્ય રાજ્યોના નાગરિકો હતા અને તેમ છતાં ફલાઇટને સીધી અમૃતસર લઈ જવાઈ અને કોંગ્રેસના નેતા પરગટસિંહએ કહ્યું કે, સરકારે ઈરાદાપૂર્વક જ ફલાઈટને અમૃતસર ઉતારી છે. ગુજરાત મોડેલનો પ્રચાર થાય છે પરંતુ આ ડીપોર્ટીમાં ગુજરાતીઓની સંખ્યા મોટી હતી. જો વિમાનને દિલ્હી ઉતારાયું હોત તો મોદી સરકાર માટે શરમજનક સ્થિતિ બની હોત અને અમેરિકા સાથેના સંબંધોને આડે રાખીને વિમાનને અમૃતસર ઉતારાયું. તો કોંગ્રેસના સાંસદ શશી થરુરે જણાવ્યું કે સરકારે અમેરિકા સાથે તાકિદે આ મુદ્દો ઉઠાવવો જોઈએ.

ગેરકાયદેસર અમેરિકામાં રહેલા ભારતીયોને પરત મોકલવાનો તેનો અધિકાર છે પણ તેને હાથકડી કે સાંકળ બાંધીને લાવવા જોઈએ નહીં અને સૈન્ય વિમાનમાં પણ મોકલવા જોઈએ નહીં. તેમને રેગ્યુલર ફલાઈટથી પરત કરવા જોઈએ.

# ફોજદારી કેસમાં મુક્ત કર્મચારીને શિસ્તભંગ બદલ હાંકી શકાય

## કર્મચારીનો ગુનો કે ગેરવર્તણૂક બે માંથી શું વધુ જોખમી તે પુરવાર કરવું પડે : સર્વોચ્ચ અદાલતે એરપોર્ટ ઓથોરિટીના કર્મચારીની બરતરફીને યોગ્ય ઠેરવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે કહયું હતું કે ગેરવર્તણૂંક ધરાવતા કર્મચારીની સામે શિસ્તભંગ બદલ કાયદેસરની કાર્યવાહી ચાલતી હોય અને તે સાથે તેની સામે ફોજદારી કેસની કાર્યવાહી પણ ચાલતી હોય એવા સંજોગોમાં તે કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવા તેના નોકરીદાતાએ ફક્ત એટલું જ પુરવાર કરવાનું રહે છે કે તેનો કયો ગુનો કે ગેરવર્તણૂંક વધુ પ્રભાવશાળી અને જોખમકારક છે.

ન્યાયમૂર્તિ સર્વશ્રી જે.કે મહેશ્વરી અને સંદીપ મહેતાની બેન્ચે ૪ ફેબ્રુઆરી-૨૦૧૨ના રોજ કોલકાતા હાઈકોર્ટે આપેલાં એ આદેશને રદ કરતો ચુકાદો આપ્યો હતો જેમાં હાઈકોર્ટે એરપોર્ટ ઓથોરિટિ ઓફ ઈન્ડિયા (એએઆઈ)ના ભૂતપૂર્વ મદદનીશ એન્જિનિયર પ્રદીપકુમાર બેનરજીને નોકરીમાંથી બરતરફ કરવાના ઓથોરિટિના નિર્ણયને ગેરકાયદે ઠરાવ્યો હતો.

પ્રદીપકુમાર બેનરજીને ફોજદારી કેસમાંથી મુક્ત કરાયો હોવા છતાં સુપ્રીમ કોર્ટે એમ કહેતાં તેની બરતરફીને યોગ્ય ગણાવી હતી કે ફોજદારી કાર્યવાહીમાં કેસને વાજબી શંકાથી પર હોવાનું પૂરવાર કરવું પડે છે. આ ચુકાદા બાદ નોકરીદાતાઓ માટે ગુનાઈત કેસમાં મુક્ત થઇ ગયેલાં કોઈપણ કર્મચારીને શિસ્તભગની કાર્યવાહી કરીને નોકરીમાંથી બરતરફ કરવો ખુબ સુગમ થઈ પડશે. બેન્ચે એમ ઠરાવતા એરપોર્ટ ઓથોરિટિની તરફેણમાં ચુકાદો આપ્યો હતો કે બેનરજી વિરુદ્ધ લેવાયેલા શિસ્તભંગના પગલાં તદ્દન ઉચિત હતા. કાયદાનો નક્કર એક સ્થાપિત સિદ્ધાંત છે કે ફોજદારી કાયર્વાહીમાં કેસને વાજબી કારોણોથી પર હોવાનું પુરવાર કરવાની જવાબદારી સરકારના પક્ષે



હોય છે, પરંતુ શિસ્તભંગની કાર્યવાહી ચાલતી હોય એવા કેસમાં વિભાગની ઉપર જવાબદારી મર્યાદિત હોય છે, તેથી એવા કેસમાં નોકરીદાતાએ ફક્ત એટલું જ પૂરવાર કરવાનું રહે છે કે કર્મચારીનો કયો ગુનો કે ગેરવર્તણૂંક વધુ જોખમકારક કે પ્રભાવશાળી હતા

# પાકે ફરી કાશ્મીર – વાટાઘાટનો 'રાગ' છેડયો


■ પાક. કબ્જાના કાશ્મીરની 'વિધાનસભા'ને સંબોધન

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ બની રહેલા સંબંધો વચ્ચે પાક.ના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારત સાથે કાશ્મીર સહિતના પ્રશ્નો ઉકેલવા માટે વાટાઘાટની તૈયારી દર્શાવી હતી.

જો કે તેમના આ વિમાનો પાક. કબ્જાના કાશ્મીરના મુજજફરાબાદની નધારાસભાથને સંબોધન સમયે આપ્યા છે. પાક દ્વારા કાશ્મીરીઓના ટેકાના હેતુસર દર વર્ષે કાશ્મીર એકતા દિવસ મનાવાય છે. જો કે ભારતે લાંબા સમયથી કાશ્મીર મુદે ત્રાસવાદ અને વાટાઘાટ સાથે સાથે ચાલી શકે નહી તે એજન્ડા સાથે કોઈ દ્વીપક્ષી વાટાઘાટ કે ક્રિકેટ સહિતના સંબંધો સ્વીકાર્ય ગણ્યા નથી.શાહબાઝ શરીફે દાવો કર્યો કે. ભારતે ૫ ઓગષ્ટ ૨૦૧૯ના વિચારમાંથી (કાશ્મીરને માટેની કલમ ૩૭૦ નાબુદી)માંથી બહાર આવવું જોઈએ અને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં જે ખાતરી આપી હતી તેને પાલન કરવું જોઈએ.

શ્રી શરીફે દાવો કર્યો કે, ફકત વાટાઘાટ જ બન્ને દેશોના સંબંધોને સામાન્ય બનાવી શકે છે. તેઓએ ૧૯૯૯માં ભારત-પાક વચ્ચેના લાહોર-કરારનો પણ ઉલ્લેખ કર્યો હતો.



તેઓએ ભારત પર શસ્ત્રદૌટનો આરોપ મુકતા જણાવ્યું કે, તેનાથી આ ક્ષેત્રમાં શાંતિ આવશે નહી અને ભારતે ડહાપણ બતાવીને વાટાઘાટના માર્ગે આગળ વધવું જોઈએ.

તેણે ફરી વખત કાશ્મીરમાં આત્મ-નિર્ધારણ હકકનો ઉલ્લેખ કર્યો હતો. જો કે ભારતે આ મુદો અગાઉ જ ફગાવી ફકત પાક. કબ્જાના કાશ્મીર પર પાક અંકુશ છોડે અને ભારતને સુપ્રત કરે તે એકમાત્ર ઉકેલ દર્શાવ્યો છે.

# ChatGPT દુનિયાભરમાં ડાઉન : લાખો યુઝર્સ પરેશાન

■ ઓપનએઆઈએ સ્વીકાર્યું કે, ટુલમાં કોઇ સમસ્યા સર્જાઇ છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દુનિયાભરમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા એઆઇ સર્ચ ટુલ ચેટજીપીટી ભારત સહિત અનેક દેશોમાં ડાઉન થતાં જબરો દેકારો મચી ગયો હતો. આજે સવારે ૯-૧૯ કલાકથી ચેટજીપીટીએ કામ કરવાનું બંધ કરી દીધું હતું અને તે ગ્લોબલ આઉટરેજ હોવાનું બહાર આવ્યું છે.

ઓપનઆઈએ પણ સ્વીકાર્યું છે કે, ચેટજીપીટીમાં સમસ્યા સર્જાય છે અને તે યોગ્ય કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ. ડીસેમ્બર માસમાં પણ ચેટજીપીટીમાં આ પ્રકારની સમસ્યા સર્જાઇ હતી અને વારંવાર આ એઆઇ ટુલ કોઇને કોઇ મુશ્કેલી ઉભું કરતું રહે છે.




અનેક યુઝર્સે એવો પણ દાવો કર્યો છે કે, ચેટજીપીટીનો એરર સ્કોર સતત વધી ગયો છે અને તે ૧ %માંથી ૭ % જેવો થઇ ગયો છે. હાલમાં જ જે રીતે ચાઈના તેનો એઆઇ મોડેલ ડીપસીક લોંચ કર્યુ તે પછી ચેટજીપીટી સહિતના અમેરિકી એઆઇ ટુલ સામે પ્રશ્નો ઉઠ્યા છે.

# સોનાના ભાવમાં વધારો થવા છતાં, તેની માંગમાં કોઈ ઘટાડો થયો નથી

## ભારતીયોનો સોના પ્રત્યેનો પ્રેમ અભૂતપૂર્વઃ ભાવો આકાશે આંબ્યા છતાં ૨૦૨૪માં ૮૦૩ ટન ગોલ્ડ ખરીદયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોનાનો ભાવ દરરોજ નવો રેકોર્ડ બનાવી રહ્યો છે. એક દિવસ પહેલા બુધવારે સોનાનો ભાવ વધીને ૮૪૬૫૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો. કેટલાક શહેરોમાં તેનો દર ૮૬૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો. સોનાના ભાવમાં વધારો થવા છતાં, તેની માંગમાં કોઈ ઘટાડો થયો નથી. હા, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં સોનાની આયાત ૨૦૨૪ માં ૫% વધીને ૮૦૨.૮ ટન થઈ. માંગનું મુખ્ય કારણ રોકાણની વધતી માંગ અને છ્ઈઈ દ્વારા મોટા પાયે સોનાની ખરીદી હોવાનું માનવામાં આવે છે. જોકે, સોનાના ઊંચા ભાવને કારણે, ઝવેરાતની માંગ ૨% ઘટીને ૫૬૩.૪ ટન થઈ ગઈ.

વર્ષ ૨૦૨૪માં કુલ રોકાણ માંગ ૨૯% વધીને ૨૩૯.૪ ટન થઈ. ખાસ કરીને ડિસેમ્બર ક્વાર્ટરમાં, તેમાં ૧૪% નો વધારો જોવા મળ્યો, જે તેને ૭૬ ટન સુધી લઈ ગયો. રિપોર્ટ અનુસાર, અન્ય રોકાણ વિકલ્પોના નબળા પ્રદર્શન અને સ્થાનિક શેરબજારમાં અસ્થિરતાને કારણે, રોકાણકારો વધુને વધુ સોના તરફ વળ્યા. વર્ષના પ્રથમ છ મહિનામાં શેરબજારે નબળું પ્રદર્શન કર્યું હતું, જ્યારે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રેકોર્ડ સ્તરે પહોંચ્યા પછી તેમાં ઘટાડો થયો હતો.વધતી કિંમતો વચ્ચે પણ સોનાનું વેચાણ વધ્યું, સોનાના રેકોર્ડ ભાવને કારણે, લોકોએ સોનું વેચીને રોકડ કમાણી કરી. ડિસેમ્બર ક્વાર્ટરમાં સોનાનું રોકડ વેચાણ ૧૬% વધીને ૨૯.૬ ટન થયું. આ ઉપરાંત, છ્ઈઈ એ વિદેશી હૂંડિયામણ ભંડારમાં ૭૩ ટન સોનું ઉમેર્યું. આ વર્ષ ૨૦૨૩ કરતા ૪.૫ ગણું વધારે હતું. આ સાથે, દેશના કુલ વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાનો હિસ્સો ૧૧% ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. સોનાના ભાવની ઝવેરાતની માંગ પર અસર, ૨૦૨૪ માં ઝવેરાતની માંગને રેકોર્ડ સ્તરે પહોંચેલા ભાવોના સંદર્ભમાં જોવી જોઈએ. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો હાજર ભાવ ૨,૮૬૬ પ્રતિ ઔંસ પર પહોંચી ગયો. મુંબઈના જથ્થાબંધ બજારમાં, ૯૯૫ શુદ્ધતાવાળા સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ ૮૩,૯૮૫ રૂપિયા હતો, જ્યારે



૯૯૯ શુદ્ધતાવાળા સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ ૮૪,૩૨૩ રૂપિયા હતો. ચાંદીનો ભાવ ૯૫,૪૨૧ રૂપિયા પ્રતિ કિલો નોંધાયો હતો. તહેવારો અને લગ્નની મોસમની અસર, ચોથા ક્વાર્ટરમાં ઝવેરાતની માંગ ૫% ઘટીને ૧૮૯.૮ ટન થઈ, જે ૨૦૨૩ ના સમાન સમયગાળા કરતા ઓછી છે. આખા વર્ષની માંગ ૨% ઘટીને ૫૬૩ ટન થઈ. રિપોર્ટ અનુસાર, ચોથા ક્વાર્ટરમાં સોનાની માંગ મુખ્યત્વે ઓક્ટોબરના અંત (દિવાળીની ખરીદી દરમિયાન) અને નવેમ્બર (લગ્નની સીઝનની શરૂઆતમાં) પર કેન્દ્રિત હતી.

# ચહેરા પર માસ્ક, સાથે પોલીસ.. અમેરિકાથી દેશનિકાલ કરાયેલા 33 ગુજરાતી નાગરિકો અમદાવાદ પહોંચ્યા

## 33 ગુજરાતીઓમાં ગાંધીનગર જિલ્લાના ૧૪, મહેસાણા જિલ્લાના ૯, પાટણ અને મધ્ય ગુજરાતના ૪-૪ અને બનાસકાંઠા અને ભરૂચ જિલ્લાના ૧-૧નો સમાવેશ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમેરિકા (યુએસએ) થી દેશનિકાલ કરાયેલા ૧૦૪ ભારતીયો હવે ઘરે પરત ફર્યા છે. મળતી માહિતી મુજબ, અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતીયોને મેક્સિકો-અમેરિકા સરહદ પરથી પકડવામાં આવ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ લોકો કાયદેસર રીતે ભારત છોડીને ગયા હતા, પરંતુ તેમણે ગધેડા માર્ગે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. દેશનિકાલ કરાયેલા લોકોમાં હરિયાણા અને ગુજરાતના ૩૩-૩૩, પંજાબના ૩૦, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશના ત્રણ-ત્રણ અને ચંદીગઢના બે લોકોનો સમાવેશ થાય છે.

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ૩૩ ગુજરાતીઓ અમદાવાદ પહોંચ્યા છે. ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચેલા ભારતીયોને ગઈકાલે અમેરિકન વાયુસેનાના વિમાન દ્વારા અમળતસર લઈ જવામાં આવ્યા હતા, જેમાં ૩૩ ગુજરાતીઓ પણ હતા. બધા ૩૩ ગુજરાતીઓ અમળતસરથી અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા અને અહીંથી તેમના ઘરે જવા રવાના થશે. આ ૩૩



ગુજરાતીઓમાં ગાંધીનગર જિલ્લાના ૧૪, મહેસાણા જિલ્લાના ૯, પાટણ અને મધ્ય ગુજરાતના ૪-૪ અને બનાસકાંઠા અને ભરૂચ જિલ્લાના ૧-૧નો સમાવેશ થાય છે.

એરપોર્ટથી બહાર નીકળતી વખતે, એવું જોવા મળ્યું કે જિલ્લા પોલીસ તેમની સાથે હાજર હતી. બધા નાગરિકોએ ચહેરા પર માસ્ક પહેરેલા હતા. અમદાવાદ આવેલા ૩૩ લોકોમાં ચાર નાગરિકો પણ સગીર છે.

# હિન્દુ સમાજ એકીકૃત થાય ત્યારે જ વિકાસ કરી શકે : ભાગવત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે હિન્દુ સમાજ એકીકૃત થાય ત્યારે જ વિકાસ કરી શકે છે. તેમણે તમામ હિન્દુઓને તેમની જાતિ, પ્રદેશ અથવા ભાષાથી અલગ ન થવા કહ્યુ છે. કેરળનાં એક હિન્દુ ધાર્મિક પરિષદનાં ભાગ રૂપે આયોજિત હિન્દુ એકતા સંમેલનમાં ભાગવતે કહ્યું કે, એકીકૃત સમાજ ખીલી ઉઠે છે, જ્યારે ખંડિત સમાજ કરમાઈ જાય છે.



તેમણે કહ્યું કે, હિન્દુ હોવું એ એક સ્વભાવ છે, જેમાં લોકો શિક્ષાનો ઉપયોગ જ્ઞાન વધારવા માટે કરે છે, ધનનો ઉપયોગ દાન માટે અને શક્તિનો ઉપયોગ નબળા લોકોની મદદ માટે કરે છે.

ભાગવતે કહ્યું કે, હિન્દુ ધર્મમાં કોઈ શ્રેષ્ઠ અથવા નિમ્ન નથી. જાતિઓ અને અસ્પૃશ્યતા માટે કોઈ સ્થાન નથી. તેમણે કહ્યું કે, જો બધાં હિન્દુઓ એક થઈ જાય, તો વિશ્વને તેનો ફાયદો થશે. તેમણે એક થવાની રીતો સુચવી જેમાં પોતાની જાતને ઓળખવી અને બધાં સાથે સમાન રીતે વર્તવું અને પર્યાવરણની રક્ષા કરવા કહ્યું હતું.

તેમણે કહ્યું કે, પર્યાવરણની રક્ષા માટે નીતિગત ફેરફારોમાં સમય લાગશે, પરંતુ લોકો ત્રણ નાનાં કાર્યો કરીને પર્યાવરણ બચાવી શકે છે. તેમણે કહ્યું કે જો લોકો પાણી બચાવે છે, ઝાડ રોપે અને પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાનું બંધ કરે તો ઘણી હદ સુધી પર્યાવરણની રક્ષા થશે .

આરએસએસ વડાએ પરિવારોમાં સંસ્કારોના મહત્વ પર ચર્ચા કરવા કહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે, સંસ્કારોની ચર્ચા કરવાથી ડ્રગ્સના વ્યસનની સમસ્યાનો સામનો કરવામાં મદદ કરી શકે છે તેમણે કહ્યું, કેમ કે આપણાં યુવાનોને ડ્રગ્સના વ્યસની શા માટે છે ?

આ એટલાં માટે છે કારણ કે ઘરમાં કોઈ સંસ્કાર નથી. તેમણે કહ્યું, જો બધાં લોકો એકીકૃત રીતે કામ કરે છે, તો હિન્દુ એકતા પ્રાપ્ત થઈ શકે છે. તેમણે કહ્યું કે, આખું વિશ્વ ભારતનાં માર્ગદર્શનની રાહ જોઈ રહ્યું છે.

# પ્રી-પ્રાઈમરી સ્કૂલ રજિસ્ટ્રેશનની મુદત વધશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં પ્રી-પ્રાઈમરી સ્કૂલમાં રજિસ્ટ્રેશન કરાવવાની અંતિમ તારીખ ૧૫ ફેબ્રુઆરી છે. તેમ છતા રાજ્યમાં ફક્ત ૧૦ ટકા પ્રી-સ્કૂલોએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું હોવાનું સામે આવ્યું છે. રાજ્ય સરકાર રજિસ્ટ્રેશનની મુદતમાં ૬ મહિનામાં વધારો કરશે. ૧૫ ફેબ્રુઆરી આસપાસ શિક્ષણ વિભાગ તેની જાહેરાત કરશે. જો કે, સરકારે જે પોલિસી નક્કી કરી છે તેમાં હાલની તકે કોઈ ફેરફાર કરાય તેવી શક્યતાઓ નહીંવત છે.

ગુજરાતમાં નવી શિક્ષણ નીતિનો સ્વીકાર કરાયા બાદ રાજ્યમાં ચાલતી પ્રી-સ્કૂલોનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. પરંતુ, સરકાર દ્વારા પ્રી-સ્કૂલના રજિસ્ટ્રેશન માટે જે શરતો મૂકવામાં આવી છે તેમાંથી કેટલીક શરતોનું પાલન કરવું સંચાલકો માટે શક્ય ન હોય વિરોધનો સૂર ઉઠી રહ્યો છે. ગુજરાત ઈન્ડિપેન્ડેન્ટ પ્રી સ્કૂલ એસોસિયેશનના પ્રમુખે કહ્યું હતું કે, મુદત ભલે વધારવામાં આવે, અમારી માગણી પણ સ્વીકારવામાં આવે.

૧૫ ફેબ્રુઆરીએ મુદત પૂર્ણ થતી હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા પ્રી-સ્કૂલની રજિસ્ટ્રેશનની મુદતમાં વધારો કરવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા ૬ મહિનાની મુદત વધારવામાં આવશે. જોકે હાલ પ્રી-સ્કૂલની પોલિસીમાં સરકાર દ્વારા કોઈ બદલાવ કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. અત્યારે માત્ર ૬ મહિનાની મુદત વધારવામાં આવશે.આ અંગે આગામી દિવસમાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવશે.

# રાજકોટથી પ્રયાગરાજની ST બસ ૮ ફેબ્રુ. સુધી હાઉસફૂલ

## પ્રથમ દિવસે સીટો ખાલી રહ્યા બાદ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી લગાવવા શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી લગાવી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા સેવાનો વ્યાપ વધારવા રાજકોટથી પ્રયાગરાજ માટે નવીન વોલ્વો સર્વિસ શરૂ કરાઈ છે. જેમાં પ્રથમ દિવસે એટલે કે ૪ ફેબ્રુઆરીના પ્રારંભ સમયે ૧૭ જેટલી સીટો ખાલી રહી હતી, પરંતુ હવે હાઉસફૂલની સ્થિતિ જોવા મળી રહી છે. ૮ ફેબ્રુઆરી સુધી એસટી વોલ્વો બસમાં તમામ ૪૭ સીટ બૂક થઈ ગઈ છે અને ૯ ફેબ્રુઆરીની બસ પણ ફૂલ થવામાં છે. જે બતાવે છે કે, મહાકુંભમાં જવાનો લોકોનો ઉત્સાહ અદમ્ય છે.

રાજકોટ એસટી વિભાગના વિભાગિય નિયામક જે. બી. કલોતરાએ જણાવ્યું હતુ કે, રાજકોટથી પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાને ડૂબકી લગાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સ્પેશિયલ વોલ્વો બસ ૪ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી છે. પ્રથમ દિવસે સીટો ખાલી રહી હતી પરંતુ તે બાદ લોકોનો ઉત્સાહ ખૂબ જ વધારે છે અને તેથી ૬, ૭ અને ૮ ફેબ્રુઆરીના રાજકોટથી સવારે ૫ વાગ્યે ઉપડનારી વોલ્વો બસની તમામ ૪૭ સીટ બૂક થઈ ગઈ છે. ૯ ફેબ્રુઆરીની બસમાં પણ મોટાભાગની સીટ બુક થઈ ગઈ છે.






રાજકોટ ખાતેથી શરૂ કરવામાં આવનાર બસોને પ્રથમ અને ત્રીજી રાત્રે રહેવાની વ્યવસ્થા બારણ (મધ્યપ્રદેશ બોર્ડર) મુકામે કરવામાં આવી રહી છે. જ્યાં મુસાફરોને નાસ્તો અને રહેવાની સુવિધા એસટી વિભાગ દ્વારા આપવામાં આવી રહી છે. જોકે, નવીન વોલ્વો બસ માટે પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા યાત્રિકો દ્વારા પોતાની રીતે કરવાની રહેશે. પ્રતિ વ્યક્તિ પેકેજ રાજકોટથી રૂ. ૮,૮૦૦ નિયત કરવામાં આવી છે.

આ નવી બસ સર્વિસનું ઓનલાઈન બુકિંગ એસટી નિગમની વેબસાઈટ www.gsrtc.in પરથી થઈ શકે છે.

# રાજકોટ સહિત મહાનગરોમાં ૮ ફેબ્રુઆરીથી મિલેટ એક્સપો : ૧૫ લાઈવ ફૂડ કોર્ટ ઉભા કરાશે

## રાગી, કાંગ, કોદરી સહિતના મિલેટની વાનગીઓ રાજકોટવાસીઓ માણી શકશે : રાજયભરમાં આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા. ૮ ફેબ્રુઆરીથી રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર અને રાજકોટ મહાનગરોમાં નમિલેટ એક્સ્પો - ૨૦૨૫થ યોજાશે. જેના અનુસંધાને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અંજુ શર્માએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

એક્સ્પોના માધ્યમથી મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશ અંગે લોકોમાં જાગૃતિ વધે તે દિશામાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કોન્ફરન્સમાં રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી (ઈન્ચાર્જ) એ.કે.વસ્તાણીએ રાજકોટના નાના મૌવા સર્કલ પાસે યોજાનારા મિલેટ એક્સ્પો-૨૦૨૫ના આયોજનની વિગતો પુરી પાડી હતી. સાથોસાથ રાજકોટ મહાનગરપાલિકા ખાતે ઉપસ્થિત વિવિધ કમિટીના અધિકારીઓ સાથે આયોજન અંગે સમીક્ષા કરી હતી.

આગામી તા. ૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકે મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટનો શુભારંભ મહાનુભાવોના હસ્તે કરવામાં આવશે. આ બે દિવસીય એક્સ્પોમાં ૬૦ પ્રદર્શન સ્ટોલ તેમજ ૧૫ જેટલા લાઈવ ફૂડ કોર્ટ ઉભા કરવામાં આવશે. જેમાં મીલેટ્સ અને પ્રાકૃતિક રીતે તૈયાર થયેલા શાકભાજી તેમજ અન્ય પ્રોડક્ટ્સનું પ્રદર્શન કમ વેચાણ કરવામાં આવનાર છે.

એક્સ્પોમાં ખેડૂતો, વિદ્યાર્થીઓ, યુવા અને પરિવાર સાથે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાના હોઈ અહીં સ્ટેજ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, પાણી, લાઈટ, સેનીટેશન, ક્રાઉડ મેનેજમેન્ટ, ફાયર સેફ્ટી, મેડિકલ ટીમ, હેલ્પ ડેસ્ક સહીત વ્યવસ્થાપન અંગે જિલ્લા વિકાસ અધિકારીએ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા આયોજિત મિલેટ મહોત્સવમાં રાગી, કાંગ, કોદરી, ઝંગોરી, જુવાર, બાજરી જેવી પ્રોડક્ટસનું પ્રદર્શન કમ વેચાણ હાથ ધરવામાં આવશે.

જ્યારે લોકો મિલેટમાંથી બનતી વાનગીઓથી અવગત થઈ શકે તે માટે લાઈવ ફૂડ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવશે. મિલેટ પકવતા અને નેચરલ ફાર્મીંગ કરતા ખેડૂતો, ખેડૂતો સાથે સંકળાયેલા એન.જી.ઓ.,





શહેરીજનો આ આયોજનનો મહત્તમ લાભ લઈ શકે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. આ એક્સ્પો થકી આરોગ્યપ્રદ વાનગીઓ લોકોના રોજબરોજના જીવનનો ભાગ બને તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં સહાયક મ્યુનિસિપલ કમિશનર બી.એલ. કાથરોટીયા, જિલ્લા ખેતીવાડી અધિકારી તૃપ્તિબેન પટેલ સહિત મહાનગરપાલિકા અને વિવિધ વિભાગના અધિકારીઓ જોડાયા હતાં.

# રાજકોટમાં સૌ પ્રથમ નેક્સસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં મળશે ફિનલેન્ડ મુજબનું જીવન કૌશલ્યોને વિકસાવતું વ્યવહારુ શિક્ષણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ: શિક્ષણનો મુખ્ય ધ્યેય પ્રત્યેક બાળકની અંદર પ્રથમથી જ પડેલી પૂર્ણતાનું પ્રગટીકરણ કરવાનો છે. સાથે સાથે બાળકની સર્જનાત્મકતા અને સ્વતંત્ર વિચારશક્તિ વિકસાવવાનો છે. ભાર મુક્ત અને ભય મુક્ત શિક્ષણ જ બાળકની કલ્પના શકિત, સર્જનાત્મકતા અને સ્વતંત્ર વિચાર સરણી વિકસાવે છે. શિક્ષણ એ માત્ર જાણકારી આપવાનું સાધન નથી, તે વ્યક્તિગત વિકાસ, નૈતિક મૂલ્યો અને સમાજમાં યોગદાન આપતી ક્ષમતાઓ વિકસાવવા માટેનો મુખ્ય સ્તંભ છે. શારીરિક, માનસિક, ભાવનાત્મક એમ ત્રિપરિમાણીય વિકાસની સંકલ્પના સાથે દરેક બાળકને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે તેવી ફિનલેન્ડની શિક્ષણ વ્યવસ્થા મુજબ વ્યવહારુ અને વ્યાપક શિક્ષણ શીખવવાની રીત રાજકોટમાં સૌ પ્રથમ નેક્સસ



ઈન્ટરનેશનલ સ્કૂલ અપનાવવા જઈ રહી છે. આગામી સત્રથી આનંદદાયી શિક્ષણની શીખવણી પર ભાર મુકવા સાથે અહિં પ્રાયમરીથી માંડી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધી વિદ્યાર્થીઓ પર દબાણ મુક્ત, વ્યાવસાયિક અને સાર્વત્રિક સમાનતાના તત્વો પર આધારિત શિક્ષણ પ્રણાલી પ્રેરણાદાઈ રહેશે.

નેક્સસ ઈન્ટરનેશનલ સ્કૂલના સ્વપનદ્રષ્ટાઓ પ્રવિણભાઈ પીપળિયા, અશોકભાઈ પાંભર, રમેશભાઈ પાંભર, નિખીલભાઈ ખુંટ, અક્ષયભાઈ લુણાગારિયા અને જોન્ટીભાઈ શિયાણીએ રાજકોટના મોસ્ટ ડેવલોપિંગ મવડી-પાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ સાથે વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ, સ્પર્ધા વિનાનું ભણતર, ટેકનોલોજી અને નવીનતા, અભ્યાસક્રમનું લચીલું માળખું, નૈતિક મૂલ્યો અને વિશ્વસનીય પરિણામો આપવા કટીબધ્ધતા દાખવી છે. નેક્સસ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ વધુ જાણકાર, આત્મવિશ્વાસથી ભરપુર અને વ્યવહારુ બને તેના પર ભાર મુકાયો છે.

# સિવિલ અને પદ્મકુંવરબા હોસ્પિટલની મુલાકાત લેતા માનવ અધિકારપંચના અધિકારી

## રાજકોટ તા. ૫ દર્દીઓ અને ડોક્ટરને મળતી સુવિધાનું નિરીક્ષણ કરી ઝનાનામાં નવજાત શિશુને અપાતી કાંગારૂ કેર ટ્રીટમેન્ટથી થયા પ્રભાવિત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અધિકાર દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલ અને ગુંદાવાડીમાં આવેલી પદ્મકુંવરબા હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. દર્દીઓ અને ડોક્ટરોને મળતી સુવિધાનું નિરિક્ષણ કરી તમામ વોર્ડની વિઝિટ કરવામાં આવી હતી. આ ઉપરાંત ઝનાના વિભાગમાં નવજાત શિશુને આપવામાં આવતી કાંગારુ કેર ટ્રીટમેન્ટના વખાણ કરવામાં આવ્યા હતાં.

રાજ્યની સરકારી હોસ્પિટલોમાં દર્દીને મળતી સુવિધા અંગે માનવ અધિકાર પંચ સતત કાર્યશીલ છે. ત્યારે આજે દિલ્હીના માનવ અધિકાર પંચના સ્પેશિયલ એરપોર્ટ ઉમેશકુમાર શર્મા રાજકોટની સિવિલ હોસ્પિટનલી મુલાકાતે પહોંચ્યા હતાં. જ્યાં તેમની સાથે આર.ડી.ડી. ચેતન મહેતા, સીડીએચઓ ડી. ફુલમાળી, સિવિલ સર્જન ડો. મોનાલી માંકડિયા, ડીન ડો. ભારતી પટેલ, આરએમઓ ડો. દુસરા અને વહીવટી અધિકારી આર.એમ.ચૌહાણ જોડાયા હતાં.

માનવ પંચના અધિકારી દ્વારા સિવિલ હોસ્પિટલના દર્દીઓ અને ડોક્ટરોને મળતી સુવિધા અંગે વિવિધ વિભાગોની મુલાકાત લેવામાં આવી હતી. આઈપીડી, ઓપીડી કેસોની વિગત મેળવી સાયકાટ્રીક વિભાગમાં ટોલેકો સેન્ટર વિશે જાણકારી મેળવી હતી. આ ઉપરાંત ઝનાના વિભાગમાં એનઆઈસીયુ સહિતના વોર્ડની કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું. ઝનાનાનમાં



નવજાત બાળકોને આપવામાં આવતી કાંગારુ કેર ટ્રેટમેન્ટથી અધિકારી પ્રભાવિત થયા હતા અને આ સારવાર પદ્ધતિના વખાણ કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત અધિકારી પંચના અધિકારીએ ગુંદાવાડીમાં પદ્મકુંવરબા હોસ્પિટલની પણ વિઝિટ કરી સુવિધાનું નિરિક્ષણ કર્યું હતું અને ત્યાર બાદ જૂનાગઢ રવાના થયા હતાં.

# સિવિલ હોસ્પિટલમાં દાઝેલા દર્દીઓને લેસરથી મળશે સારવાર

## કલેક્ટર દ્વારા જગ્યાની ફાળવણી; ગ્રાઉન્ડ ફલોર સહિત ત્રણ માળની ઈમારતમાં ક્રિટિકલ કેર સેન્ટર પણ નિર્માણ પામશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દાઝેલા દર્દીઓને લેસર સહિતની આધુનિક સારવાર મળી રહે તે માટે રાજકોટ સરકારી હોસ્પિટલ દ્વારા અલગથી અદ્યતન બર્ન્સ વોર્ડ બનાવવામા આવશે જેના માટે કલેક્ટર દ્વારા જી. ટી. શેઠ હોસ્પિટલ નજીક જગ્યાની ફાળવણી કરવામાં આવી છે જેમા ગ્રાઉન્ડ ફ્લોર સહિત ત્રણ માળી ઈમારત બનાવાશે તેમા કિટીકલ કેર સેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરાશે. પ્લાન પીઆઈયુ દ્વારા સરકારમા મુકાયો છે જેને લીલીઝંડી મળતા જ બાંધકામ શરૂ કરાશે.

બર્ન્સ કેર સેન્ટરમાં સ્પેશિયલ ટાઈપનાં લેસરની સુવિધા આપવામાં આવશે. તેમજ દાઝી ગયેલા દર્દીની સારવાર કરવા માટેના રાષ્ટ્રીય સ્તરનાં આધુનિક સાધનો મુકવામાં આવશે. એટલું જ નહીં આ માટે ખાસ નિષ્ણાંત ડોક્ટર્સ સહિતની ટીમોની નિમણુંક કરવામાં આવશે. આ માટે જુદા-જુદા ૨ ફ્લોર બનાવવામાં આવ્યા છે. જેમાં પેશન્ટ રીસેપ્શન એરિયા, મેલ અને ફિમેલ તેમજ ચિલ્ડ્રન વોર્ડ, ડ્રેસિંગ રૂમ, સ્પેશિયલ ઓપરેશન થિયેટર ઉપરાંત માઈનોર ઓપરેશન થિયેટર તેમજ દર્દીઓનાં સગાઓને બેસવા માટેની સુવિધા સહિતની તમામ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે કલેકટરે બર્ન્સ વોર્ડ માટે ૩૧૦૦-૩૨૦૦ મીટર જગ્યા ફાળવી છે.

જ્યારે ક્રિટિકલ કેર સેન્ટરમાં ઈમરજન્સી મેડિસીન અને સર્જરી તેમજ હાડકાનો વિભાગ રાખવામાં આવશે. આ ક્રિટિકલ કેર સેન્ટરમાં ઓપીડી ટાઈમ સિવાય કોઈપણ સમયે ઈમરજન્સી દર્દીઓ આવે તો તેને સીધા સારવાર માટે ખસેડાશે. ડોક્ટરો દ્વારા તેને ચકાસ્યા બાદ જે વિભાગમાં સારવાર આપવાની હશે તે વિભાગમાં દાખલ કરવામાં



આવશે. અકસ્માત કે દાઝેલા દર્દી આવ્યા બાદ તેની સારવાર તુરંત ચાલુ થાય તે પ્રાથમિકતા રહેશે. આ તમામ સુવિધાનો લાભ માત્ર રાજકોટ જ નહીં સૌરાષ્ટ્રના દર્દીઓને મળી રહેશે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાઝેલા દર્દીની સારવાર બાદ સ્કવ બેન્ક પણ ઉપલબ્ધ હોવાથી તેની કોસ્મેટીક ટ્રીટમેન્ટ અને પ્લાશીક સર્જેલા પણ કરવામાં આવશે. આ માટે અલગથી આધુનિક ઈન્સ્ટુમેન્ટ ઉપલબ્ધ કરવામાં આવશે. જેના કારણે કોઈપણ દર્દીને નિ:શુલ્ક રાષ્ટ્રીય સ્તરની સારવાર મળી રહેશે. આ બંને વિભાગોમાં ખાસ નિષ્ણાંત ડોકટર સહિતનાં સ્ટાફની પાત્ર નિમણૂક કરવામાં આવશે. જેના દ્વારા ૨૪ કલાક ઈમરજન્સી સારવાર આપવામાં આવશે. જેના કારણે દર્દીઓને અમદાવાદ સુધી જવાની જરૂર પડશે નહિ

# વી. વી. પી.ના ચાર વિદ્યાર્થીઓને જી.ટી.યુ. દ્વારા ગોલ્ડ મેડલ

## સ્થાપનાકાળથી વી.વી.પી. ના કુલ ૮૦ વિદ્યાર્થીઓને યુનિવર્સીટી ગોલ્ડ મેડલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મારું બધુ જ મારા રાષ્ટ્રને અર્પણથથ મૂળમંત્ર સાથે કાર્યરત રાજકોટની વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ચાર વિદ્યાર્થીઓને તાજેતરમાં જીટીયુ દ્વારા પ્રસિદ્ધ થયેલ પરિણામોમાં ગોલ્ડ મેડલ મળ્યા છે. આ સાથે વી.વી.પી. ના વિદ્યાર્થીઓને મળેલ યુનિવર્સીટી ગોલ્ડ મેડલની સંખ્યા ૮૦ પર પહોંચી છે.

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ. ધ્રુવી પોકલ (ઈલેકટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન), કેવીન નાકરાણી (કેમીકલ), ઓમ ચાવડા (ઈલેકટ્રીકલ) અને કિશન ઝીલકા (બાયોટેકનોલોજી) ને તાજેતરમાં જીટીયુ દ્વારા પ્રસિદ્ધ થયેલા પરિણામોમા ગોલ્ડ મેડલ મળ્યા છે. ગોલ્ડ મેડાલીસ્ટ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય વી.વી.પી. દ્વારા આપવામાં આવતા શિક્ષણ અને સાથે સહશૈક્ષણિક પ્રવૃતિઓને આપતા જણાવ્યુ હતું કે એન્જીનીયરીંગમાં ડિગ્રી કે ડીપ્લોમા અભ્યાસ તો માત્ર વી.વી.પી.માં જ કરાય.

અત્યાધુનીક મલ્ટી મીડીયા પ્રોજેકટ યુકત કલાસ રૂમ આધુનિક ટેકનોલોજી ધરાવતી લેબોરેટરી દરેક વિભાગમાં અનુભવી અને તજજ્ઞ પ્રાધ્યાપકો નામાંકિત યુનિવસર્ટીમાંથી પીએચ. ડી. પૂર્ણ કરેલ પ્રાધ્યાપકોની ફોજ ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ-ઈન્ડસ્ટ્રીયલ ટુરનું સમયાંતરે આયોજન ટેકનીકલ સ્પર્ધાઓનું નિયમિત સામાન્ય જ્ઞાન-ટેકનીકલ જ્ઞાન રીસર્ચ પેપર લેખન વગેરે સ્પર્ધાઓનું આયોજન અને દેશની નામાંકીત કંપનીઓનું સુપર પ્લેસમેન્ટ થકી વી.વી.પી. ઉચ્ચ મેરીટ માર્કસ ધરાવતા વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી છે. આ બધી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સહ-શૈક્ષણિક સાંસ્કૃતિક અને સ્પોર્ટસ પ્રવૃત્તિઓ પણ વીવીપીમાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હોવાના કારણે જ વીવીપીનાં વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રે પોતાનું પોતાના પરિવાર અને વીવીપીનું નામ રોશન કરે છે. જેનું તાજું ઉદાહરણ એટલે વી.વી.પી.ના વિદ્યાર્થીઓને મળેલ ગોલ્ડ મેડલ.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ૧૯૯૬થી શરૂ થયેલ વી.વી.પી.



ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ આજ સુધીમાં કુલ ૮૦ ગોલ્ડ મેડલ્સ મેળવેલ છે.

આ તકે સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ ડો. સંજીવભાઈ ઓઝા શ્રી હર્ષલભાઈ મણીઆર ડો. નરેન્દ્રભાઈ દવે ડો. નવિનભાઈ શેઠ આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારા, તમામ વિભાગના વડાઓ તથા સમગ્ર કર્મચારી ગણ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં તથા વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે અને ગોલ્ડ મેડલ્સ પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખે તેવી શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવેલ છે.

# ઠંડી વધી : નલિયા ૮.૬, રાજકોટ ૧૦.૭ ,ગિરનાર પર ૮.૩ ડિગ્રી

■ **જામનગરમાં ૧૨, ભાવનગરમાં ૧૩, અમરેલીમાં ૧૪ ડિગ્રી : શિત લહેરોથી જનજીવન પ્રભાવિત**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે ફરી ઠંડા પવનો સાથે તિવ્ર ઠંડી અનુભવાઈ હતી આજે પણ અનેક સ્થળોએ સવારનું તાપમાન ૧ થી ૩ ડિગ્રી, નીચે ઉતરી જતા લોકો ઠુંઠવાયા હતા.

આજરોજ પણ સૌથી વધુ ઠંડી ૮.૬ ડિગ્રી, સાથે નલિયા ખાતે નોંધાઈ હતી.આ ઉપરાંત બીજા નંબરે રાજકોટ રહેવા પામ્યુ હતું. આજે સવારે રાજકોટમાં ૧૨-કી.મીની ઝડપે બર્ફીલા પવન સાથે તાપમાન ૧૦.૭ ડિગ્રી, નોંધાયુ હતું.

જયારે પોરબંદરમાં ૧૨.૨ વેરાવળમાં ૧૬.૩, અમદાવાદમાં ૧૪.૩, અમરેલીમાં ૧૪.૧, વડોદરામાં ૧૩.૮,ભાવનગરમાં ૧૩.૯, તથા ભુજમાં ૧૩.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.તેમજ દમણમાં ૧૫.૬, ડિસામાં ૧૧.૧, દિવમાં ૧૨.૧, દ્વારકામાં ૧૬.૭,કંડલામાં ૧૬ અને ઓખામાં ૧૯.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

જયારે જામનગર શહેરમાં આજે લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી અને મહતમ તાપમાન ૨૭ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજના પ્રમાણમાં ૩૬ ટકાના ઘટાડા સાથે ભેજ ૫૦ ટકા રહ્યો હતો. તો પવનની ગતિ પ્રતિકલાક ૬.૬ કિમિ નોંધાઈ છે.

આજે પણ પવનની ગતિના લીધે શહેરીજનો ઠંડીમાં લપેટાયા હતા.ઉપરાંત ગીરનાર પર્વત ઉપર ૮.૩ ડિગ્રી ઠંડો પવન ફુંકાયો હતો. ભેજધરી જતાં ઠંડી વધુ દેખાઈ હતી.

ગઈ રાત્રીથી વાતાવરણમાં ફેરફાર આવતા ઠંડીનો માહોલ આજે જોવા માળી રહ્યો છે. ગિરનાર પર્વત ઉપર ઠંડો પવનો ફુકાતા યાત્રીકો ઠુઠવાયા હતાં. ઠંડીનો પારો ૮.૩ ડીગ્રીને જવા પામ્યો છે.પવનની ગતિ સવારે વધવા પામી છે. ૬ કી.મી ઝડપી ઠંડો પવન ફુંકાય રહ્યો છે. ભેજનું પ્રમાણ ૩૬ ટકા નોંધાયો છે.મહત્મ તાપમાન ૧૮ ડીગ્રીએ નોંધાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભક્તિનગર સર્કલ પાસે પતિ અને પ્રેમીકાએ પરિણીતાને માર માર્યો

- પત્ની બંનેને સાથે જોઈ જતા બઘડાટી બોલ્યા બાદ મામલો પોલીસ મંથક પહોચ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં પતિ-પત્ની ઔર વો નો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૮૦ ફુટ રોડ ઉપર સત્યમ પાર્કમાં પુત્રીને કલાસ કરાવવા આવતી મહિલા પ્રોફેસરને કારખાનેદાર સાથે આંખ મળી ગઈ હતી. ગઈકાલે પ્રેમી યુગલ ભક્તિનગર સર્કલ પાસે હતું. ત્યારે પત્ની જોઈ જતા કારખાનેદાર પતિએ પ્રોફેસર પ્રેમિકા સાથે મળી પત્નીને માર માર્યો હતો. પરિણીતાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાઈ હતી અને બાદમા સમાધાન થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે મળતી વિગત મુજબ શહેરમાં ૮૦ ફૂટ રોડ ઉપર આવેલ સત્યમ પાર્કમાં રહેતી જયશ્રીબેન નવીનભાઈ ચાંડપા નામની ૪૧ વર્ષની પરિણીતા અરસામાં ભક્તિનગર સર્કલ પાસે હતી ત્યારે તેના પતિ નવીન ચાંડપા અને તેની પ્રેમિકા પૂજાબેન બંધીયાએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. જયશ્રીબેન ચાંડપાને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.પ્રાથમિક પૂછપરછમાં હુમલાખોર નવીનભાઈ ચાંડપા ૮૦ ફૂટ રોડ ઉપર શ્રીરામ ટ્રેડિંગ નામનું કારખાનું ધરાવે છે અને તેને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે મારવાડી કોલેજમાં ફરજ બજાવતી મહિલા નવીનભાઈ ચાંડપાની પુત્રીને ઘરે ક્લાસ કરાવવા આવતી હતી તે દરમિયાન છેલ્લા આઠ માસથી કારખાનેદાર નવીનભાઈ ચાંડપા અને મહિલા પ્રોફેસર પૂજાબેન બંધિયા વચ્ચે આંખ મળી જતા પ્રેમ પાંગર્યો હતો. ગઈકાલે નવીનભાઈ ચાંડપા અને પૂજાબેન બંધીયા ભક્તિનગર સર્કલ પાસે હતા ત્યારે પત્ની જયશ્રીબેન ચાંડપા જોઈ જતા બોલાચાલી થઈ હતી. જે બોલાચાલીમાં ઉશ્કેરાયેલા પતિ નવીન ચાંડપાએ પ્રેમિકા પૂજાબેન બંધીયા સાથે મળી જયશ્રીબેન ચાંડપાને માર માર્યો હતો આ બનાવ અંગે ભક્તિનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટની પરિણીતા પર મોરબીના બે શખ્સોએ દુષ્કર્મ ગુજાર્યાનો આક્ષેપ

## ભાગીદારીમાં વેલકમ નવરાત્રીના આયોજન બાદ પરિચય કેળવાતાં ઘેની પદાર્થ પીવડાવી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યાનો આરોપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં બ્યુટી પાર્લર ચલાવતી પરિણીતાએ ભાગીદારીમાં વેલકમ નવરાત્રીનું આયોજન કરતા પરિચયમાં આવેલા મોરબીના બે શખ્સોએ તેણીના જન્મદિવસે થમ્સઅપમા ઘેની પદાર્થ પીવડાવી દઈ બાદમાં મોરબી નજીકની એક હોટલમાં દુષ્કર્મ ગુજાર્યા અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં અરજી કરતા તપાસ શરૂ કરવામાં આવી છે. વધુમાં પરિણીતાના ફોટા વિડીયો ઉતારી લઈ બાદમાં અવાર-નવાર ફોટો-વિડીયો વાયરલ કરવાની ધમકી આપી પી દુષ્કર્મ ગુજારવાની સાથે આ બન્ને શખ્સોએ રૂપિયા ૧૫ લાખ પડાવી લીધા હોવાનું તેમજ ટંકારાની એક શાળાના આચાર્યએ પણ સમાધાન માટે ધમકી આપી હોવાનો અરજીમાં ઉઠોખકરવામાં આવ્યો છે. બીજી તરફ સમગ્ર મામલે યુવતીએ ભાગીદારીમાં વેલકમ નવરાત્રીના આયોજન બાદ પરિચય કેળવાતાં ઘેની પદાર્થ પીવડાવી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યાનો આરોપ મોરબી પોલીસ પગલાં લેતી ન હોવાનો આરોપ લગાવી રાજકોટમાં પત્રકારો સાથે પોતાની સાથે બનેલી ઘટના વર્ણવી હતી.

ચોંકાવનારા બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ રાજકોટના એક વિસ્તારમાં બ્યુટી સલૂન ધરાવતી પરિણીતાએ મોરબી જિલ્લા પોલીસવડાને ૧.૩૦ ડિસેમ્બરના કરેલી અરજીમાં રોજ કરેલી અરજીમાં મોરબીના જયદીપ, મિતેષ અને ટંકારાના શાળાના આચાર્ય એવા વિજયભાઈ નામના શખ્સ વિરુદ્ધ અરજી કરી હતી કે, વર્ષ ૨૦૨૧માં મોરબીના જયદીપ સાથે પરિચયમાં આવ્યા બાદ તેણી જયદીપ સાથે ભાગીદારીમાં વેલકમ નવરાત્રીનું આયોજન કર્યું હતું બાદમાં પરિણીતાના બર્થડેના દિવસે ગત તા.૧૯-૧૧-૨૦૨૨ના રોજ મોરબીની હોટલમાં જન્મદિવસની ઉજવણી કરવા મળ્યા હતા જે સમયે જયદીપે થમ્સઅપમાં ઘેની પદાર્થ પીવડાવી દઈ હોટલમાં દુષ્કર્મ ગુજારવાની સાથે નિવસ્ત્ર હાલતમાં ફોટા વિડીયો ઉતારી લીધા હોવાનો આરોપ લગાવ્યો છે. જો કે, રાજકોટની પરિણીતાએ મોરબી પોલીસ ઉપર પગલાં નહીં લીધાનો અને ગુન્હો નહીં નોંધ્યાનો આરોપ લગાવી પત્રકારો અને ઈલેકટ્રોનિક્સ મીડિયા સમક્ષ આરોપોનો મારો ચલાવ્યો હતો.

વધુમાં રાજકોટની પરિણીતાએ મોરબીના બે શખ્સો વિરુદ્ધ દુષ્કર્મ ગુજારી રૂપિયા ૧૫ લાખ જેટલી રકમ પડાવી લીધી હોવાનું તેમજ ફોટો-વિડીયો વાયરલ કરવાની ધમકીક આપી રાજકોટની હોટલમાં પણ દુષ્કર્મ ગુજાર્યુ હોવાનું અને પરિણીતા પાસેથી પડાવેલ નાણાંમાંથી મોરબીની જવેલર્સ પેઢીમાંથી જયદીપે દાગીના ખરીદ



કર્યાનો આરોપ લગાવ્યો હતો. સાથે જ ટંકારાના શાળાના આચાર્યએ પણ સમાધાન કરી લેવા ધમકી આપ્યાનો અરજીમાં ઉલ્લેખ કર્યો હતો. ઉપરાંત જયદીપ વગદાર હોય પોલીસ તેની સામે પગલાં ભરાવાને બદલે મોરબી પોલીસે પરિણીતા સાથે આરોપી જેવું વર્તન કર્યાનો પણ આક્ષેપ કર્યો હતો.

જો કે, સમગ્ર મામલે મોરબી તાલુકા પોલીસ મથકના પીઆઈ એસ.કે.ચારેલનો સંપર્ક કરી પરિણીતાની અરજી અંગે પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે, હાલમાં પરિણીતાએ જે બે યુવાનો ઉપર આક્ષેપો કર્યા છે તે બાબતે બન્ને યુવાનોના નિવેદન નોંધવામાં આવ્યા છે અને પોલીસ હવે પરિણીતાનું નિવેદન નોંધ્યા બાદ આક્ષેપોમાં તથ્ય જણાયે નિયમ મુજબની કાર્યવાહી કરશે.

# વેપારીને EDના નામે ધમકાવી રૂા.૫ લાખ ખંખેરી લેનાર ડિજિટલ અરેસ્ટ ગેંગ ઝડપાઈ

## સીમકાર્ડનો આર્થિક વ્યવહારમાં ગેરકાયદે ઉપયોગ કર્યાનું જણાવી મુંબઈના ગઠિયાનું કારસ્તાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વેપારીની ડીજીટલ એરેસ્ટ કરી મુંબઈ ઈડીના અધિકારીના નામે તેની પાસેથી રૂ. ૫.૩૫ લાખ પડાવ્યાની ફરીયાદ સાયબર ક્રાઈમ પોલીસમા નોંધાઈ છે. જે મામલે પોલીસે આ સાયબર માફીયા ગેંગને ઝડપી લઈ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ સત્યસાંઈ હોસ્પીટલ રોડ પ્રવિણભાઈ પીરજભાઈ ઉપાડ (હેવા ૪૭) એ નોંધાવેલી ફરીયાદમા જણાવ્યા મુજબ ગત ૨૯ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ વાગ્યે તેમના મોબાઈલમા વોટ્સઅપ કોલ આવ્યો હતો.જેમા કોલ કરનારે પોતાની ઓળખ મુંબઈ ઈડીના અધિકારી તરીકે આપી અને પ્રવિણભાઈના ડોકયુમેન્ટના આધારે ખરીદેલા સીમ કાર્ડનો ગેરકાયદેસર હવાલા કાંડમા ઉપયોગ થયાનુ જણાવી તેમને આ મામલે ડીજીટલ એરેસ્ટની ધમકી આપી હતી અને સવારે ૧૦ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી રૂમમા બંધ રાખી ડીજીટલ એરેસ્ટ કર્યા બાદ આ ગઠીયાએ પ્રવિણભાઈને તેમના એકાઉન્ટની માહીતી વેરીફાઈ કરવાના ડર બતાવી અલગ અલગ બેંક એકાઉન્ટમા રૂ. ૫.૩૫ લાખ બળજબરીથી ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ભોગ બનનાર પ્રવિણભાઈના મિત્ર ઘરે આવ્યા બાદ તેમને આ બાબતની વાત કરતા આ ડીજીટલ એરેસ્ટના નામે છેતરપીંડી થયાનુ જાણવા મળતા આ મામલે પ્રવિણભાઈએ ૧૯૩૦ ઉપર ફરીયાદ કર્યા બાદ આ અંગે રાજકોટ સાયબર ક્રાઈમમા પ્રવીણભાઈની ફરીયાદ નોંધવામા આવી



હતી અને અલગ અલગ બેંક ખાતા ધારકો તથા તપાસમા ખુલે તે તમામ વિરૂધ્ધ ગુનો નોંધી સાયબર ક્રાઈમના એસીપી ચિંતન પટેલ અને તેમની ટીમે આ ડીજીટલ એસ્ટેર ગેંગને દબોચી લઈ કાયવાહી હાથ ધરી છે.

# રૂખડીયાપરામાં પોલીસ પર હુમલો કરનાર નામચીન ત્રીપુટી ઝડપાઈઃ નવ શખ્સોની શોધખોળ

## ગુજસીટોકના ગુનામાં એક પૂર્વે જામીન છૂટેલા કુખ્યાત માજીદ ભાણુ સહિત એક ડઝન શખ્સો સામે ફરિયાદ નોંધાઈ તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસે કુખ્યાત માજીદ ભાણું અને તેના સાગ્રીતો સહીત ૧૨ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યા બાદ આ પ્રકરણમા ત્રણ ટપોરીઓની ધરપકડ કરી અન્ય ૯ ની શોધખોળ શરૂ કરી છે. પોલીસે પકડાયેલ ત્રીપુટીનો વરઘોડો કાઢી કાયદાનુ કરાવ્યું હતુ તેમજ ફરાર થયેલા ટોળકીના અન્ય ૯ ને ઝડપી લેવા પોલીસની અલગ અલગ ટીમો કામે લાગી છે.

રૂખડીયાપરામાં મેલડી માતાનાં મંદિર પાસે રહેતા ફરીદાબેન જુસબભાઈ શેખ (ઉ.વ.૪૦)નાં જમાઈ સબીરનાં નાનાભાઈ અનવરને બજરંગવાડીમાં ગુજસીટોકમાંથી જામીન પર છૂટેલા માજીદ ભાણુ અને તેના મિત્રો સાથે માથાકૂટ થઈ હતી. જેને ખાર રાખી માજીદ તેના સાગરીતો સાવન ઉર્ફે લાલી, સમીર ઉર્ફે ધમો, સાહીલ ભૂરો અને અજાણ્યો ઈસમ જુદા-જુદા બાઈક પર ફરીદાબેનનાં ઘરે ધસી ગયા હતા અને સોડા બોટલના છુટા થા કરી ભયનુ વાતાવરણ ઉભુ કરી દીધું હતુ. મોડીરાત્રે બે વાગ્યાની આસપાસ કોન્સ્ટેબલ તોફીકભાઈ અને બીજા કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા માજીદને પકડવા માટે જામનગર રોડ પર સાંઢીયા પુલ પાસેનાં સ્લમ ક્વાર્ટર નજીક આવેલા કમિટી ચોક પાસે પહોંચ્યા હતાં. ત્યાં માજીદ અને તેનાં ૧૦થી ૧૨ સાગરીતોએ બંને પોલીસમેન પર હુમલો કરી બાઈકમા તોડફોડ કરી હતી. હુમલા બાદ બંને કાન્સ્ટેબલોએ જીવ બચાવવા પોતાનાં બાઈક મૂકી ત્યાંથી દોટ મૂકી હતી. ત્યાર પછી તે વિસ્તારની બહાર આવી તત્કાળ પીઆઈ ડોબરીયાને જાણ કરતાં તે સ્ટાફનાં માણસો સાથે ઘટનાસ્થળે દોડી ગયા



હતાં. પોલીસને મારકૂટ કરી ભગાડી મૂકાયાની આ શરમજનક ઘટના બાદ સ્થળ પર ડીસીપી, એસીપી સહિતનાં અધિકારીઓ પણ દોડી ગયા હતા. પરંતુ ત્યાં સુધીમાં માજીદ અને તેના સાગરીતો ભાગી ગયા હતાં. આ સમગ્ર મામલે પોલીસ કમિશ્નરે તાત્કાલીક આરોપીઓને ઝડપી લેવા સુચના આપી હોય જેને પગલે પ્રનગર પોલીસે આ પ્રકરણમા સંડોવાયેલા સમીર બશીર શેખ ઉર્ફે ધમાની બનાવની રાત્રે જ ધરપકડ કર્યા બાદ આ પ્રકરણમા સંડોવાયેલા સાવન સંજય વાઘેલા ઉર્ફે લાલી અને અસરફ શીવાણીની ધરપકડ કરી હતી. પોલીસ ઉપર હુમલો કરી ભયનુ વાતાવરણ ઉભુ કરનાર આ ત્રીપુટીને પોલીસે કાયદાનું ભાન કરાવી ઘટના સ્થળે લઈ જઈ ત્રણેયનો વરઘોડો કાઢયો હતો. સુત્રોના જણાવ્યા અનુસાર ગુજસીટોકના ગુનામા ૧ વર્ષ પુર્વે જામીન પર છુટેલા માજીદ ભાણુએ છ જેટલા ગુના આચર્યા છે. ત્યારે આ મામલે હવે પોલીસે તેના જામીન રદ કરાવવા માટે પણ તજવીજ હાથ ધરી છે અને અન્ય ૯ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# ક્રિપ્ટોના નામે પાંચ કરોડની છેતરપિંડીઃ પોલીસ કમિશનરને અરજી

## શરૂઆતમાં રોકાણકારોને ગોવાની ટૂરના નામે સ્કીમમાં ચાર મહિના વળતર આપ્યું હતું: ૫૦ મહિનાના રોકાણ પર ૬ ટકા વળતરની લાલચે અનેકને શીશામાં ઉતાર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રેલનગરમાં ઓફિસ ધરાવતાં બેંક કર્મચારી સહિતના અનેક લોકો સાથે બીટ કોઈનના નામે કરણસિંહજી રોડ પર ઓફિસ ખોલી એમઈઆઈ-સીએવીએડીએ ક્રિપ્ટો ટોકનમાં રોકાણ કરવાથી દર મહિને ૬ ટકા વળતરની લાલચ આપી પાંચ કરોડની ઠગાઈ કરવામાં આવી આવી છે.

શહેરમાં રહેતા વિજયભાઈ મનહરલાલ વાછાણીએ પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરી કરણસિંહજી રોડ પર કેશુભાઈની હોસ્પિ.પાસે એમઆઈ ટેક્નોલોજી એલએલપી નામે કંપની ચલાવતાં મિલન ધનજીભાઈ ચાવડા અને તેના ભાગીદાર ઈરાન ઉમરાખાન પઠાણ વિરૂધ્ધ પાંચ કરોડની ઠગાઈનો ગુનો દાખલ કરવા માંગણી કરી છે. આ બંનેએ ક્રિપ્ટો પ્રોજેક્ટમાં ૫૦ મહિના માટે નાણાનું રોકાણ કરવાથી દર મહિને ૬ ટકા વળતરની લાલચ આપી એમઆઈઈ મેટાબ્લોક ઈન્ટરચેઈન ઈવોલ્યુશન નામે ક્રિપ્ટો ટોકન બહાર પાડી ઠગાઈ કર્યાનો આક્ષેપ કરાયો છે.

ભોગ બનેલા ફરિયાદમાં જણાવ્યું છે કે હું બેન્ક ડીએસએ લોન નું કામ કરતો હોવાથી મિલન ધનજીભાઈ ચાવડાને મોર્ગેજ લોન આપવાની હોઈ તેથી તા. ૦૫/૧૦/૨૧ના રોજ તેના સંપર્કમાં આવેલ બાદ મારે લોન ડોકયુમેંટ્સ લેવા જતાં તથા મિલન ધનજીભાઈ ચાવડા મારી ઓફિસે ડોકયુર્મેટ્સ આપવા આવતાં સંપર્કમાં આવ્યા હતા ત્યારે મિલન ચાવડાએ તેના ક્રિપ્ટોનો પ્લાન મને સમજાવતા હું તેના પ્રોજેકટમાં માર્ચ ૨૦૨૩થી જોડાયા પછી મે મારા નજીકના કુટુંબી લોકો તથા વેપારી મિત્રો તથા હું જે તે બેન્કમાં કામ કરતો તેવા અધિકારીઓ પાસેથી રકમ રૂપિયા ૭૨ લાખ લઈ મેં રોકાણ કરાવ્યું છે. મારા સિવાયના બીજા ફરિયાદી દ્વારા પણ ટોટલ રકમ રૂપિયા પાંચ કરોડ નું રોકાણ કરાવેલ છે

તારીખ ૨૯/૦૬/૨૦૨૧થી ચાલતી કંપની ખઈઊ ઝઊઈઈગઘકઘૠઢ કકડના માલિક મિલન ધનજીભાઈ ચાવડા અને તેના પાર્ટનર ઈરફાન ઉમરાખાન પઠાણે રાજકોટ તથા નજીકના શહેરમાથી ૫૦ મહિના માટે દર મહિને ૬ ટકા રકમના વળતરની લાલચ આપી ટોટલ રૂપિયા ૫ કરોડની ક્રિપ્ટો ટોકન બહાર પાડી છેતરપિંડી કરેલ છે. કંપનીએ ગોવા ટૂરની ઓફર બહાર પાડી ૬ ટકા રકમના વળતરની સ્કીમમાં આરંભે ૪ થી ૫ મહિના વળતર આપી ગોવાની ટૂર કરાવીને ત્યાં સેમિનાર કરી બધાને વિશ્વાસમાં લીધા હતાં. બાદ કેરલા ટુરની ઓફર બહાર પાડીને આ સિવાયની વધારાની રકમની પણ છેતરપિંડી કરી હતી. જેમાં ભોગ બનનાર વિજય વાછાણી અને તેના ગ્રુપના મિત્રોના ૭૨ લાખ, શાહભાઈના ૭૨ લાખ, પૂજારાભાઈના ૩૨ લાખ, ઝુબેરભાઈના ૮૦ લાખ, ઉવેશભાઈના ૪૦ લાખ, રાંકભાઈના દસ લાખ, નિરવભાઈના એક લાખ, કલ્પેશભાઈના પચાસ હજાર સહિતના રૂપિયાની છેતરપીંડી થઈ હોવાની પોલીસ કમિશનરને અરજી કરાઈ છે.

# મનહરપુરમાંથી રીક્ષા ચોરી કરનાર ત્રીપુટી ઝડપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મનહરપુરના આઈનગર સોસાયટી પાંણીના ટાંકા પાસે રહેતા હરેશભાઈ વેલજીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૨)ની ગઈ તા.૧૧/૦૨/૨૦૨૪ના રોજ ઘર પાસેથી રીક્ષાની ચોરી થઈ હતી. આ દરમિયાન ફરિયાદી હરેશભાઈએ પોતાની રીક્ષાની શોધખોળ કરી હતી અને ફરિયાદી પણ નોંધાવી ન હોતી ત્યારે યુનિવર્સિટી પોલીસમાંથી ચોરાઉ રીક્ષા સાથે રવિ વસંતભાઈ મકવાણા (રહે. બી.ટી. સવાણી હોસ્પિટલ પાછળ શાંતિનગર એક વર્ષ પહેલાં ચોરાયેલી રીક્ષાના નંબર આધારે પોલીસે ફરિયાદીનો સંપર્ક કરી ગુનો દાખલ કર્યો

સુમિત નીતિનભાઈ ઉર્ફે સાગરભાઈ ગોહેલ (રહે રૈયારોડ બ્રહ્મ સમાજ ચોક શીવપરા શેરી નં.૨)ને ઝડપી પાડયા છે. તેઓએ મનહરપુરમાંથી રીક્ષા ચોરી કર્યાની કુબલાત આપી હતી. તેમની પાસેથી રીક્ષા કબજે લીધી હતી.



આરોપીઓમાં સુમિત અગાઉ મારામારી, વાહન ચોરી અને મારમારીના ગુનામાં તેમજ અજય અગાઉ મારામારીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. તેમજ આ કામગીરી યુનિ.પોલીસના પીઆઈ એચ.એન.પટેલ ની રાહબરીમાં પીએસઆઈ વી.જી.ડોડીયા, એએસઆઈ જગમાલભાઈ ખટાણા, વીજુભા જાડેજા, પ્રતાપસિંહ મોપા, જીજ્ઞેશિભાઈ મારૂ, ગોપાલસિંહ અને મહિપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે આરોપીને ટીટોડિયા આવાસ પાસેથી ઝડપી લીધા હતા.

# ગઢકા ગામમાં પ્લમ્બિંગ કામ કરતી વેળાએ વીજશોક લાગતા યુવાનનું થયું મોત

શહેરની ભાગોળે ભાવનગર હાઈ-વે પર ગઢકા ગામના પાટીયા પાસે નવા બનતા મકાનમાં પ્લમ્બીંગનું કામ કરતા બજરંગવાડીના યુવાનનું વીજશોક લાગતા મોત નીપજ્યુ છે. પ્લગમાં પીન ભરાવવા જતા વીજકરંટ લાગતા બનેલા બનાવથી પરિવારમાં શોકની લાગણણી છવાઈ જવા પામી છે.જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ પર બજરંગવાડી શેરી નં.૧૩માં રહેતા અને પ્લમ્બીંગનું કામ કરતા સંજય સાવજીભાઈ રજવાડીયા (ઉ.વ.૪૦) નામના યુવાને ગઢકા ત્રણ મકાનમાં પ્લમ્બિંગનો કોન્ટ્રાક્ટ રાખ્યા બાદ કામ કરતી વખતે પ્લગમાં પિન ભરાવતા ઘટી ઘટના ગામના પાટીયા પાસે આર.કે. રેસીડેન્સીમાં નવા બનતા ત્રણ મકાનમાં પ્લમ્બીંગ કામનો કોન્ટ્રાક્ટ રાખેલો હયો. આજે સવારે તેઓ ત્યા કામ કરતા હતા ત્યારે પ્લગમાં પીન ભરવવા જતા વીજશોક લાગતા બેભાન હાલતમાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રથામિક નોંધ કરી અજીમ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ એક બહેનમાં મોટો અને સંતાનમાં બે પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવથી બે પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# ગુંદાવાડી પાસે પાણીપૂરી ખાવા ગયેલી પરિણીતાનો મોબાઈલ અને રોકડ ગઠીયો સેરવી ગયો

## સરકારી પ્રેસ કોલોનીના મહિલા ક્લાર્કએ મોબાઈલ બંધ આવતા નોંધાવી ફરિયાદ

ગુંદાવાડી મેઈન રોડ - પર પાણીપુરી ખાવામાટે ગયેલી યુવતીના પર્સમાંથી કોઈ અજાણ્યો શખ્સ રૂ.૧૭ હજાર ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી જતા ભક્તિનગર - પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. વધુ વિગત મુજબ,જામનગર રોડ પર સરકારી પ્રેસકોલોનીમાં રહેતા અને સરકારી પ્રેસમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કવીતાબેન નાગાજણભાઈ જાડેજા (ઉ.૨૯) એ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ કવિતાબેન સરકારી પ્રેસમાં કલાર્ક તરીકે ફરજબજાવે છે. ત્રણ દિવસ પહેલા શુંદાવાડી બજારમાં ખરીદી કરવા ગયા હતા.બાદ મેઈન રોડ પર પાણીપુરી ખાવા ગયા હતા. બાદ બાજુમાં ઠંડાપીણાની દુકાને કોલ્ડ્રીંક્સ પીવા જતા તેણે બેગમાં રાખેલ મોબાઈલ કાઢવા જતા બેગમાં મોબાઈલ ન મળતા તુરત જ પાણીપુરીવાળા આસપાસ તપાસ કરતામોબાઈલ મળીને આવતા કોઈ અજાણ્યા શખ્સ બેગમાંથી રૂ. ૧૭હજારની કિંમતનો મોબાઈલ ફોન ચોરી ગયો હોવાની ખબર પડતા કવીતાબેન પોલીસમાં ઓનલાઈન ફરિયાદ કરતા ગઈકાલે ભકિતનગર પોલીસ મથકનાં એએસઆઈ વાય.સી.જરગેલા એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથધરી છે.

# યુનિ. રોડ પર અર્ધનિ એપાર્ટમેન્ટના ચોકીદારનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટમાં યુનિવર્સી અર્ધનિ એપાર્ટમેન્ટમાં ચોકીદારી કરતા નેપાળી યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાયો છે. આ મામલે પોલીસે જણાવ્યું હતુ કે યુવાને આર્થિક તંગીથી કંટાળી આ પગલુ ભરી લીધું છે.બનાવની વિગતો પ્રમાણે અર્ચનુ એપાર્ટમેન્ટમાં રહેતા અમર ઉર્ફે અરૂણભાઈ પ્રેમજીભાઈ પરિહાર નેપાળી (ઉ.વ.૨૫)એ એપાર્ટમેન્ટના ગાઉન્ડ ફ્લોર પર આવેલી ઓરડીમાં ગળેફાંસો ખાઈ લેતા તેમને ૧૦૮ના ઈએમટી નરેશભાઈ યુવાનને મૃત જાહેર કર્યો હતો. તેમના મૃતદેહને સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે યુનિ.પોલીસના પીએસઆઈ ડિો.આરરત્નું અને સ્ટાફે તપાસ શરૂ કરી હતી.પોલીસમાંથી જાણવા મળ્યુ તુ, અશ્વરનું સ્વાચત નથી છે. ચોકીદારી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તે આર્થિક તંગીને કારણે પરિવારનું ગુજરાન ચલાવવામાં તકલીફ પડી રહી હતી. જેથી યુવાને આપઘાત કરી લીધો હતો. આ અંગે યુનિ.પોલીસના પીએસઆઈ છે.આર.રત્નું અને સ્ટાફે કાગળો કર્યા હતા.



# વાવડી ગામ પાસે ઉછીનાં આપેલા રૂપિયાની ઉઘરાણી કરતા યુવાન ઉપર હુમલો

શિતલ પાર્ક પાસે ભાડાના મકાનમાં રહેતો યુવાન પુનિતનગર ચોકથી વાવડી તરફ જવાના રસ્તે હતો ત્યારે ઉછીના આપેલા રૂપિયાની ઉઘરાણી કરતા શખ્સે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શીતલ પાર્ક પાસે રૂમ ભાડે રાખીને રહેતા સંજય રામસિંગભાઈ ભોજીયો નામનો ૩૧ વર્ષનો યુવાન રાતના દસેક વાગ્યાના અરસામાં પુનિતનગર ચોકથી વાવડી જવાના રસ્તા તરફ ઈંડાની લારી નજીક હતો. ત્યારે ગોપી નામના શખ્સે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં સંજય ભોજીયાએ હુમલાખોર ગોપીને રૂ.૫૦૦૦ ઉછીના આપ્યા હતા જે રૂપિયાની ઉઘરાણી કરતા હુમલો કરી માર માર્યો હોવાનો સંજય ભોજીયાએ આક્ષેપ કર્યો છે.

# યાજ્ઞિક રોડ પર વાહન અથડાવવા મુદે બે જૂથ વચ્ચે મારામારીઃ વિડીયો વાયરલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં યાજ્ઞિક રોડ ઉપર વાહન અથડાવવા મુદ્દે બે ગૃપ વચ્ચે માથાકૂટ થતા એક શખ્સે ધારિયું કાઢી ધમાલ મચાવી હતી અને મહિલાને ગાળો ભાંડી હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા પોલીસ કમિશ્નરના હથિયારબંધીના જાહેરનામાંનો જાહેરમાં ઉલાળિયો થઈ ગયો છે વીસેક મિનીટ સુધી આ બબાલ ચાલી છતાં પોલીસ નામે કોઈ ફરક્યું ન હતું.

રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર વિવેકાનંદ સ્ટેચ્યુ પાસે ગત સમી સાંજે વાહન અથડાવવા મુદે બે ગૃપ વચ્ચે માથાકૂટ થઈ હતી જેમાં એક શખ્સ લગભગ ત્રણેક ફૂટ લાંબુ ધારિયું લઈને નીચે ઉતર્યો હતો અને મારકૂટ કરવા માટે દોડયો હતો બંને પક્ષે જાહેરમાં ગાળોની રમઝટ બોલી હતી અને મહિલાને જાહેરમાં ગાળો ભાંડી હતી બનાવને પગલે રસ્તામાં ચિક્કાર



ટ્રાફિકજામ સર્જાયો હતો લગભગ વીસેક મિનીટ સુધી આ બબાલ ચાલી હતી પરંતુ પોલીસના નામે કોઈએ ડોકિયું પણ કર્યું ન હતું જાહેરમાં ધારિયા જેવા ઘાતક હથિયારો સાથે ધમાલ મચાવનાર ટોળકીને પોલીસ પકડીને કાયદાનું ભાન કરાવશે કે કેમ તે પ્રશ્ન ઉદભવ્યો છે.

# જુના મોરબી રોડનો નામચીન ઈભલો પાસામાં અમદાવાદ જેલમાં ધકેલાયો

## ૨૦૦૭થી ૨૦૨૪ સુધીમાં ૫૧ ગુનાને આપ્યો અંજામઃ હત્યાની કોશિશ, આર્મ્સ, દારૂ, જુગાર સહિતના ગુનામાં પકડાયેલ હિસ્ટ્રીશીટર આઠમી વખત પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં જ ૨૦૦૭થી ૨૦૨૪ એટલે કે ૧૮ વર્ષ દરમિયાન હત્યાની કોશિષ, દારૂ, જુગાર, આર્મ્સ, મારામારી, ખંડણી સહિતના ૫૧ ગુનાઓમાં પકડાયેલા કુખ્યાત હિસ્ટ્રીશીટર સામે આઠમી વખત પાસા વોરંટ ઈસ્યુ થતા બી ડીવીઝન પોલીસે આરોપીની ધરપકડ કરી અમદાવાદ જેલમાં ધકેલી દીધો છે.

રાજકોટના જુના મોરબી રોડ ઉપર ગણેશનગરમાં રહેતા અને વારંવાર ગુનાઓ આચરવાની ટેવ ધરાવતા



કુખ્યાત હિસ્ટ્રીશીટર ઈબ્રાહીમ ઉર્ફે ઈ ભલો કરીમભાઈ કાથરોટીયા ઉ.૩૫ સામે ફરી પોલીસ કમિશ્નર બજેશ ઝાએ પાસા વોરંટ ઈસ્યુ કરતા બી ડીવીઝન પીઆઈ એસ એસ રાણે, ક્રિપાલસિહ જાડેજા સહિતના સ્ટાફે ઈભલાને દબોચી લઈ પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલી દીધો છે ૩૫ વર્ષીય ઈભલાના ગુનાહિત ઈતિહાસ ઉપર એક નજર કરીએ તો માત્ર રાજકોટમાં જ હત્યાની કોશિષ, આર્મ્સ, દારૂ, જુગાર, મારામારી, એસોર્ટ, ખંડણી સહિતના ૫૧ ગુનાઓમાં પકડાઈ ચુકયો છેતેમજ ૭ વખત પાસા તળે જેલયાત્રા કરી ચુક્યો છે ૫૧ ગુના પૈકી ૪૫ ગુના તો બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.